તારીખ : 24/10/2018 | વિષય : વિજ્ઞાન | ગુણ : 80
વાર : બુધવાર | ધોરણ : 6 (પ્રથમ સત્ર) | સમય : 2:00 થી 5:00

પ્રશ્ન –1 આપેલા વિકલ્પ માંથી સાચો વિકલ્પ પસંદ કરો. 16

(1) મધને ખોરાકના કયા પ્રકારના સ્ત્રોતમાં ગણી શકાય?
(A) પ્રાણીજ (B) ક્ષાર (C) વનસ્પતિજ (D) એકપણ નહીં

(2) નીચેનામાંથી શાનો સમાવેશ વનસ્પતિજ કે પ્રાણીજ સ્ત્રોત તરીકે થતો નથી?
(A) દૂધ (B) મીઠું (C) મધ (D) ભાત

(3) ચોખા, બાજરી, ઘઉંમાંથી કયું પોષક દ્રવ્ય મળે છે?
(A) વિટામિન (B) કાર્બોદિત (C) પ્રોટીન (D) ચરબી

(4) એક વિદ્યાર્થી શિક્ષકને વારંવાર ફરિયાદ કરે છે કે તેને કાળા પાટિયા પર લખેલું સ્પષ્ટ દેખાતું નથી, તો શિક્ષક વિદ્યાર્થીને નીચેનામાંથી શું ખાવાની સલાહ આપશે?
(A) આમળાં (B) ભાત (C) ગાજર (D) માખણ

(5) ઊનમાંથી સ્વેટર કઇ રીત દ્વારા તૈયાર કરવામાં આવે છે?
(A) વણાટ (B) કાંતણ (C) પીંજણ (D) ગૂંથણ

(6) પ્રાણીઓમાંથી કયા રેસા મેળવવામાં આવે છે?
(A) સૂતર (B) શણ (C) ઊન (D) નાયલૉન

(7) નીચેના માંથી કાગળની બનેલી વસ્તુઓનુ સાચું જૂથ કયું છે?
(A) પાણીના પાઉચ, બૅગ (B) ટોપી, ડોલ
(C) નોટબુક, પુસ્તક (C) કેલેન્ડર, સાણસી

(8) પહેલીના ઘરની બારી બંધ છે છતાં બીજી બાજુ સ્પષ્ટ જોઇ શકે છે, તો તે બારીના કાચને કયાં જૂથમાં મુકશો?
(A) પારભાસક (B) પારદર્શક (C) અપારદર્શક (D) અપારભાસક

(9) નીચેની આકૃતિમાં પદાર્થોનાં અલગીકરણની કઇ પદ્ધતિ દર્શાવેલ છે?




(A) ઉપણવું (B) ચાળવું (C) વીણવું (D) છડવું

(10) અનાજ ને ઉપણવાકયું સાધન વંપરાય છે?
(A) સૂપડું (B) ચાળણી (C) ગળણી (D) આપેલ તમા



Scanned by CamScanner

(11)




ઉપરનામાંથી કયો તબક્કો ઉલટાવી શંકાય તેવો છે?

(A)તબક્કો – 4 (B)તબક્કો –3 (C) તબક્કો – 2 (D) તબક્કો – 1

(12) વનસ્પતિનું કયું અંગ પ્રકાશસંશ્લેષણ, બાષ્પોત્સર્જન અને અને શ્વસન એમ ત્રણેય ક્રિયા કરે છે?

(A)પ્રકાંડ (B) મૂળ (C) પર્ણ (D)પુષ્પ

(13) શિક્ષક બારમાસીના છોડને વર્ગખંડમાં લઇ જઇ વિદ્યાર્થીને મૂળના પ્રકારોવિશે સમજાવી રહ્યા છે, તો તેમણે વર્ગખંડમાં નીચેનામાંથી કયા પ્રકારના મૂળનું વર્ણન કર્યું હશે?

(A) સોટીમય (B) તંતુમય (C) સમાંતર (D) જાલાકાર

(14) આકૃતિમાં દર્શાવેલ ભાગનું નામ શું છે?



(A)નિતંબાસ્થિ (B) મેરુદંડ (C) સ્કંધાસ્થિ (D) કોમલસ્થિ

(15) આકાશમાં ઉડતા પક્ષી માટે કઇ બાબત સત્ય નથી?


(A)તેનાં હાડકાં છિદ્રિષ્ઠ છે.

(B) તેનાં શરીરમાં વાતાશયો છે.

(C) તેનાં અગ્ર ઉપાંગનું ચાંચમાં રૂપાંતરણ થયેલું છે.

(D) છાતિના અસ્થિઓ ઉડ્ડયન સ્નાયુ જકડી રાખે છે.

(16) તમારે પાણીમાં તરતું એક સાધન બનાવવું છે, તો તમે સાધનનો આકાર નીચેનામાંથી કયો રાખશો?

(A)  (B)  (C)  (D) 



Scanned by CamScanner

**પ્રશ્ન - 2 (અ) એક વાક્યમાં જવાબ આપો.** **06**

(1) આપણા ઘરમાં ઉપયોગમાં લેવામાં આવતું દૂધ કયા સ્રોત માંથી મળે છે?

(2) વનસ્પતિમાંથી પ્રાપ્ત થતાં રેસાનાં નામ જણાવો.

(3) સીવ્યા વગર પહેરી શકાતાં કાપડનાં બે વસ્ત્રનાં નામ આપો.

(4) રેતમાંથી કાંકરા દૂર કરવા કઇ પધ્ધતિનો ઉપયોગ થાય છે?

(5) કોઇ વનસ્પતિ સોટીમૂળ ધરાવે છે, તો સામાન્યતઃ તેનાં પર્ણ કયો શિરવિન્યાસ ધરાવતા હશે?

(6) ક્રિકેટની રમતમાં ઝડપી બોલર દ્વારા બોલીંગ કરવાની ક્રિયા કયાં સાંધા સાથે જોડાયેલ છે?

**(બ) ત્રણ- ચાર વાકયમાં જવાબ આપો.** **10**

(1) ખીચડી બનાવવામાં વપરાતાં ઘટકો અંને તેના સ્રોત જણાવો.

(2) શાકભાજીને કાપીને ધોવી જોઇએ નહીં? કારણો જણાવો.

(3) પગનાં મોજાંનો એક તાંતણો ખેંચતાં કાપડ સતત ઉકેલાઇ જાય છે, તો આ કાપડ કઇ પદ્ધતિથી તૈયાર થયેલ હશે ? આ પદ્ધતિથી તૈયાર થયેલ હોય તેવી અન્ય વસ્તુઓનાં નામ લખો.

(4) ગૃહિણીને રસોડાંના વાસણની ગોઠવણી કરવાની છે તો તેને તમે શી સલાહ આપશો?

(5) મીઠાંના દ્રાવણમાંથી મીઠુ અને પાણીને નિતારણની પધ્ધતિ વડે શા માટે અલગ ન કરી શકાય?

(6) તડબૂચના વેલાને ભૂપ્રસારી વનસ્પતિ શા માટે કહેવામાં આવે છે?

(7) ડોકટર તરીકે તમે હાડકાંની તકલીફનું સચોટ નિદાન કરવા કયા રિપોર્ટનો આધાર લેશો? શા માટે?

**પ્રશ્ન -3 (અ) નીચેના પ્રશ્નોના પાંચથી સાત વાક્યમાં જવાબ આપો. ( ગમે તે ચાર)** **12**

(1) ખોરાકમાં જુદી-જુદી વનસ્પતિના ચોક્કસ અંગોનો ઉપયોગ કરીએ છીએ આવું શા માટે? ઉદાહરણ આપી સમજાવો.

(2) રેસામાંથી તાંતણા બનાવવાની પ્રક્રિયા વર્ણવો.

(3) તમારા વર્ગખંડમાં રહેલ કોઇપણ છ વસ્તુઓનાં નામ લખી તેને પાણીમાં તરતી અને ડૂબી જતી વસ્તુના જૂથમાં વહેંચો.

(4)



આકૃતિમાં દર્શાવેલ ફેરફારના પ્રકારને ઓળખી રોજીંદા જીવનમાં જોવા મળતા આવા ફેરફારનાં અન્ય ચાર ઉદાહરણ આપો.

(5) માછલી પાણીમાં સરળતાથી તરી શકે છે. સમજાવો.

**(બ) આકૃતિ દોરી નામ નિર્દેશ કરો.** **03**

વનસ્પતિ ના ભાગો.



Scanned by CamScanner

પ્રશ્ન -4 (અ) માગ્યા મુજબ જવાબ આપો.

(1) વર્ગીકરણ કરો. 06

કળીમાંથી પુષ્પનું ખીલવું,દૂધમાંથી દહીં બનવું, ફુગ્ગો ફુલાવવો, આઇસ્ક્રીમનું પીગળવું, કણકનાપીંડા માથી રોટલી વણવી, વણેલી રોટલી તવા પર શેકવી.

| ઉલટાવી શકાય તેવા ફેરફાર | ઉલટાવી ન શકાય તેવા ફેરફાર |
|---|---|
| | |

(2) જોડકા જોડો 04

| વિભાગ અ | વિભાગ બ |
|---|---|
| 1. વિટામિન -A | (A) સ્કર્વી |
| 2. વિટામિન -B1 | (B) રતાંધળાપણું |
| 3.વિટામિન -C | (C) ગોઇટર |
| 4.વિટામિન - D | (D) સુક્તાન |
| | (E) બેરીબેરી |

(બ) મુદ્દાસર જવાબ આપો. ( ગમે તે બે) 08

(1) જો આપણા શરીરમાં સાંધા ન હોય તો આપણને કઇ કઇ ક્રિયાઓ કરવામાં મુશ્કેલી પડશે?

(2) મગફળીમાં આહારનો કયો ઘટક રહેલ છે ? આ ઘટકની ચકાસણી તમે કેવી રીતે કરશો ?

(3) ઘઉંમાંથી કાંકરાને અલગ કરવા માટે તમે કઇ પદ્ધતિ નો ઉપયોગ કરશો? શા માટે?

પ્રશ્ન -5 (અ) માગ્યા મુજબ જવાબ આપો.

(1) દવા(સીરપ)ની બોટલ સામાન્ય રીતે પારભાસક રાખવામાં આવે છે. કારણ આપો. 3

(2) શણમાંથી રેસા મેળવવા તેના પ્રકાંડને સડાવવું પડે છે. કારણ આપો. 3

(3) તફાવત આપો. સમાંતર શિરાવિન્યાસ અને જાલાકાર શિરાવિન્યાસ 2

(4) તફાવત આપો: તૃણાહારી અને માંસાહારી 2

(બ) આકૃતિ સહિત પ્રયોગ વર્ણવો, (ગમેતે એક) 5

(1) પાણીમાં રહેલ અદ્રાવ્ય અશુદ્ધિને દૂર કરી શુદ્ધ પાણી મેળવવાનો પ્રયોગ વર્ણવો,

(2) વનસ્પતિના પર્ણો બાષ્પોત્સર્જનની ક્રિયા કરે છે તે દર્શાવતો પ્રયોગ વર્ણવો.



Scanned by CamScanner